# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

(ઓપનિંગ ટ્યૂન)

પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

(અંડર પ્લે મ્યૂઝિક)

---

1. **રાજ્યનાં 18 જિલ્લામાં નાગરિક સંરક્ષણ માટે 74 સ્થળોએ મોકડ્રીલનું સફળ આયોજન.**
2. **રાજ્યભરમાં લોકોએ અંધારપટનું સ્વયંભુ અને શિસ્તબધ્ધ રીતે પાલન કર્યું**
3. **આજે ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ જાહેર થશે.**
4. **આજે આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસઃ થેલેસેમિયાની નાબૂદીમાં ગુજરાત રોલ મોડલ.**
5. **રાજ્યનાં 191 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદઃ આગામી ચાર દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MOCK DRIL

રાજ્યમાં ૧૮ જિલ્લામાં 74 સ્થળ ખાતે ગઈકાલે મોકડ્રિલનું સફળ આયોજન કરવામાં આવ્યું. જેમાં 13 હજાર 69 તાલીમબદ્ધ નાગરિક તથા 10 હજાર જેટલા સિવિલ ડિફેન્સ સ્ટાફે ભાગ લીધો હતો.

મહેસાણાની દૂધસાગર ડેરી , એપીએમસી ઊંઝા , મારુતિ સુઝુકી પ્લાન્ટ બહુચરાજી, ટાવર ચોક વિસનગર , ધરોઈ ડેમ સતલાસણા ખાતે મોકડ્રીલ યોજાઇ હતી.

અમદાવાદ શહેરમાં ૧૦ અને જિલ્લાનાં આઠ સ્થળોએ સિવિલ ડિફેન્સ મોકડ્રીલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ જિલ્લામાં ધંધુકા નગરપાલિકા, વિરમગામ ટેન્ક ફાર્મ , પીરાણા સબ સ્ટેશન , વટવા જી.આઈ.ડી.સી, ગેલોપ્સ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક , ગણેશપુરા(કોઠ) મંદિર સહિત અનેક જગ્યાએ મોકડ્રીલ યોજવામાં આવી હતી. આ મોકડ્રીલમાં અંદાજે 20 હજાર લોકો સહભાગી થયા હતા.

જામનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જામનગર શહેરના ક્રિસ્ટલ મોલ , રિલાયન્સ રિફાઇનરી તથા સિક્કા થર્મલ પાવર સ્ટેશન પર હવાઈ હુમલો કરી મોકડ્રિલનું સફળ આયોજન કરાયું હતું.

કચ્છ જિલ્લામાં ભુજ, ગાંધીધામ અને નલીયા ખાતે નાગરિક સંરક્ષણ મોકડ્રિલ યોજાઈ હતી.

---

# BLACK OUT

ગઈકાલે રાત્રે સમગ્ર રાજ્યના લોકોએ ભારત સરકારની ગાઈડલાઈન મૂજબ સ્વંયભૂ અને શિસ્તબદ્ધ રીતે તબક્કાવાર અંધારપટ માટેની સૂચનાનું પાલન કર્યું.

ગાંધીનગરમાં રાજભવન, મંત્રી નિવાસથી લઈને તમામ રહેણાંક સ્થળો તથા જાહેર માર્ગો પર રાત્રીના 8 વાગે વીજળી બંધ થતાં સર્વત્ર અંધારપટ છવાઈ ગયો હતો.

ભાવનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે રેલવે ડિવિઝનના ભાવનગર ટર્મિનસ ડેપો અને સ્ટેશન ખાતે મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ભાવનગર જિલ્લામાં સાંજે 7.45 થી 8.15 વાગ્યા સુધી બ્લેક આઉટ કરવામાં આવતા અંધકાર છવાયો હતો.

અમદાવાદમાં પણ નાગરિકોએ જય હિંદ, ભારત માતા કી જય અને વંદે માતરમ્ જેવા નારા સાથે અંધારપટ કરીને દેશદાઝની લાગણી વ્યક્ત કરી હતી.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે આહવા સહિતના વિસ્તારોમાં સાંજે 7.30 થી 8.00 વાગ્યા સુધી સતત અંધારપટ છવાયો હતો.

નર્મદા, સુરત, પાટણ, નવસારી અને મોરબીના અમારા પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર જિલ્લાઓમાં મોકડ્રિલ અને બ્લેક આઉટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

---

# FLIGHT CANCEL

પાકિસ્તાનમાં ભારતના હવાઈ હુમલાને પગલે તંગદીલીમાં વધારો થતાં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલા કંડલા, ભૂજ, રાજકોટ, કેશોદ અને જામનગર એરપોર્ટને સલામતીના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે.

ગઈકાલે અમદાવાદ વિમાન મથકથી ઈન્ડિગોની જમ્મુ – અમૃતસર, ચંડીગઢની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. એર ઈન્ડિયાએ પણ જમ્મુ શ્રીનગર, લેહ, ભૂજ, જામનગર, રાજકોટ અને ચંદીગઢની હવાઈ સેવા શનિવાર સવાર સુધી રદ કરવાની નિર્ણય લીધો છે.

---

# POLICE LEAVE CANCEL

પાકિસ્તાન પર ભારતની એર સ્ટ્રાઈક બાદ ગુજરાત સહિત દેશભરમાં હાઈ એલર્ટ આપવામાં  આવ્યો છે.  જેને પગલે ગુજરાત પોલીસના તમામ અધિકારી-કર્મચારીઓની રજા રદ કરીને તાત્કાલિક અસરથી ફરજ પર હાજર થવા માટે હુકમ કરાયો છે.

પોલીસ વિભાગના પરિપત્રમાં    જણાવાયું છે કે શહેર-જિલ્લા ખાતે ફરજ બજાવતા અધિકારીઓ ની મંજૂર થયેલી રજાઓ આકસ્મિ    ક સંજોગોને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. આ અંગે મામલે રાજ્યની DGP ઓફિસ દ્વારા બુધવારે સાંજે આદેશ કરવામાં આવ્યો છે.

---

# FISHERMAN INSTRUCTION

પાકિસ્તાન પર હવાઈ હૂમલા બાદ તંગદિલી વધી જતાં ગુજરાતનાં દરિયામાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. માછીમારોને આંતરરાષ્ટ્રીય જળ સીમા તથા જખૌ નજીકના સિરક્રિક વિસ્તારમાં ન જવા  , પુરતા દસ્તાવેજો સાથે રાખવા અને શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવા સૂચના અપાઈ છે.

આ ઉપરાંત ત્રાહિત વ્યક્તિના ફોન કે ઈન્ટરનેટ કોલ આવે તો તાત્કાલિક ફિશરીઝ વિભાગ કે નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.

મત્સ્ય વિભાગના અધિકારી   ટી જે કોટિયાએ માછીમારોને તકેદારી રાખવા માહિતી આપીઃ

## (BYTE T.J. KOTIA)

---

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવશે. ધો.10ની પરીક્ષામાં કુલ 8 લાખ 93 હજાર જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આજે સવારે 8 કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક નાખી પરિણામ જોઈ શકશે . આ ઉપરાંત વોટ્સએપ નંબર 6357300971 પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

---

# THALASSEMIA DAY

આજે આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ છે. ત્યારે થેલેસેમિયા નાબૂદી માટે સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામ કરી અન્ય રાજ્યો માટે ગુજરાત રોલ મોડલ બન્યું છે. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: મયુર સોલંકી)

થેલેસેમિયાને જડ-મૂળથી નાબૂદ કરવા માટે રાજ્ય સરકાર છેલ્લા 15 વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ગર્ભવતી મહિલાઓ તેમજ કોલેજમાં વિદ્યાર્થીઓના વિનામૂલ્યે થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવે છે. કુલ 15 લાખ 50 હજારથી વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરાયા છે. રાજ્યમાં યુનિવર્સિટી સ્તરે વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સ્ક્રીનીંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સમુદાય આધારિત સ્ક્રીનીંગ દ્વારા સમુદાયોને થેલેસેમિયા અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# KADI ELECTION

રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા આગામી સમયમાં યોજાનારી કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીઓ માટેની મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજ્યા બાદ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી હારિત શુક્લાએ જણાવ્યું હતું કે , લોકપ્રતિનિધિત્વ ધારો-1950 ની કલમ- 24 (એ) મુજબ ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત મતદાર નોંધણી અધિકારી દ્વારા કરવામાં આવેલા નિર્ણય સામે કોઈ મતદારને વાંધો હોય તો મતદાર નોંધણી અધિકારીના નિર્ણય વિરૂદ્ધ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ અપીલ કરી શકાશે.

---

# RAIN STATE

છેલ્લાં ત્રણ દિવસથી રાજ્યમાં મોટા ભાગનાં વિસ્તારોમાં કમોસમી વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ગઈકાલે સવારના આઠ વાગ્યાથી આજે સવારે ચાર વાગ્યા સુધી રાજ્યનાં 191 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો.

આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં સૌથી વધુ ચાર ઇંચ વરસાદ પડ્યો છે , જ્યારે બાવળા, વડોદરામાં ત્રણ ઇંચ અને બોરસદમાં અઢી ઇંચ વરસાદ પડ્યો છે.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , ખંભાળિયા અને ભાણવડ પંથકમાં ધોધમાર વરસાદથી પાણી ભરાઈ ગયા હતા. માવઠાને કારણે ઉનાળુ પાક લેતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે , ગોહિલવાડ પંથકમાં સતત ત્રીજા દિવસે ગઈકાલે કમોસમી વરસાદ પડ્યો હતો. ભાવનગર શહેરમાં ત્રણ ઇંચ અને ઘોઘામાં બે ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાના વલ્લભીપુર , , ઉમરાળા, ગારીયાધાર સહિતનાં અનેક તાલુકામાં અડધાથી અઢી ઇંચ.વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ચાર દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.આજે બનાસકાંઠા, અરવલ્લી, આણંદ, મહિસાગર, ભરૂચ, વલસાડ અને દમણ,vદાદરા નગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે વધુ માહિતી આપી

**(BYTE: DR. A K DAS,)**

---

# RAJKOT PRE MONSOON

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે પ્રી-મોનસુન તૈયારીનાં આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

ભારે વરસાદ અને વાવાઝોડાના સમયે પરસ્પર સંકલનથી કામ કરી કુદરતી આપત્તિની ઓછામાં ઓછી અસર અનુભવાય , તે રીતે કામ કલેકટરે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં ચોમાસા દરમિયાન અનાજ અને પુરવઠાની જાળવણી , વીજળી, આરોગ્ય, ભારે વરસાદની સ્થિતિમાં લેવાના તકેદારીના પગલા, વોંકળા- નદીપટની

સફાઈ, પશુઓને ઘાસચારો તેમજ આપત્તિના સમયે જરૂરી સંસાધનોનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગે આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી.

---

# FOOTBALL

ગુજરાત સુપર લીગ સ્પર્ધાની બીજી સિઝનમાં કર્ણાવતી નાઈટ્સ અને સુરત સ્ટ્રાઈકર્સની મેચ 1-1થી ડ્રો થઈ હતી. કર્ણાવતી નાઈટ્સ તરફથી પાંડેએ 45મી મિનિટે ગોલ કર્યો હતો. જ્યારે મેચની છેલ્લી મિનિટોમાં પલાશ બાર્બરે ગોલ કરતા મેચને 1-1થી બરોબરી પર લાવી દીધી હતી.

સુરતના જોહન્સન મેથ્યુસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ અને વડોદર વોરિયર્સ વચ્ચેની મેચ 0-0થી ડ્રો થઈ હતી. સૌરાષ્ટ્રના ગોલકીપર પ્રતીક કુમારને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

---